સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન

# ICE® MAGIC

## WEEKLY CURRENT AFFAIRS

**WEEK 18**

**APRIL-MAY 2024**
**28-04-24 To 04-05-24**

:::::: સંપાદક ::::::
**મૌલિક ગોંધિયા**






















સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

# Timeline


**28 APR-2024**

- દિવસ મહિમા : 28 એપ્રિલ, વિશ્વ કાર્યસ્થળ સુરક્ષા અને આરોગ્ય દિવસ (World Day for Safety and Health at Work) ..... 02
- લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ 2024 ..... 02
- વાઈસ એડમિરલ શ્રી દિનેશ કુમાર ત્રિપાઠી ભારતીય નૌકાદળના નવા વડા બન્યા ..... 03
- QUESTION ANSWERS ..... 04

**29 APR-2024**

- દિવસ મહિમા : 29 એપ્રિલ, વિશ્વ ડાન્સ દિવસ (World Dance Day) ..... 05
- ભારતના વિદેશી મુદ્રા ભંડારમાં ઘટાડો ..... 05
- રાજા રવિ વર્માની પેઈન્ટિંગ 'ઈન્દુલેખા'ની પ્રથમ મૂળ નકલનું અનાવરણ ..... 06
- ચીને Shenzhou-18 મિશન લોન્ચ કર્યું ..... 07
- QUESTION ANSWERS ..... 08

**30 APR-2024**

- દિવસ મહિમા : 30 એપ્રિલ, આયુષ્માન ભારત દિવસ (Ayushman Bharat Diwas) ..... 09
- શ્રી અમિતાભ બચ્ચનને લતા દીનાનાથ મંગેશકર એવોર્ડ 2024થી સન્માનિત કરવામાં આવ્યા ..... 09
- દૂરદર્શનનો લોગો લાલ રંગથી બદલી કેસરી કરવામાં આવ્યો ..... 10
- QUESTION ANSWERS ..... 11

**01 MAY-2024**

- દિવસ મહિમા : 01 મે, ગુજરાત સ્થાપના દિન (ગુજરાત ગૌરવ દિવસ), મહારાષ્ટ્ર સ્થાપના દિન, આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ ..... 12
- ગોલ્ડમેન પર્યાવરણ પુરસ્કાર 2024 ..... 13
- IREDAને નવરત્નનો દરજ્જો મળ્યો ..... 14
- ઈન્ડિયન વેક્સીન મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (IVMA)ના નવા પ્રમુખ ..... 14
- QUESTION ANSWERS ..... 15

**02 MAY-2024**

- દિવસ મહિમા : 02 મે, આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસ (International Astronomy Day), વિશ્વ અસ્થમા દિવસ (મે મહિનાનો પ્રથમ મંગળવાર) ..... 16
- SMART System ..... 16
- શોમ્પેન જનજાતિએ પ્રથમ વખત તેના મતાધિકારનો ઉપયોગ કર્યો ..... 17
- QUESTION ANSWERS ..... 18

**03 MAY-2024**

- દિવસ મહિમા : 03 મે, વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ (World Press Freedom Day) ..... 19
- ICDRIની છઠ્ઠી કોન્ફરન્સ ..... 19
- માઈક્રોસોફ્ટે Phi-3-Miniનું અનાવરણ કર્યું ..... 20
- CSIR-ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પેટ્રોલિયમ (IIP)નો 65મો સ્થાપના દિવસ ..... 20
- QUESTION ANSWERS ..... 21

**04 MAY-2024**

- દિવસ મહિમા : 04 મે, આંતરરાષ્ટ્રીય અગ્નિશામક દિવસ (International Firefighter's Day) ..... 22
- World Press Freedom Index 2024માં ભારત 159માં ક્રમે ..... 22
- 'ગ્રીન ઓસ્કાર' વ્હીટલી ગોલ્ડ એવોર્ડ 2024 ..... 24
- QUESTION ANSWERS ..... 25

**ONE LINER** ..... 26

**QUESTION OF THIS WEEK** ..... 29


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 28 એપ્રિલ, વિશ્વ કાર્યસ્થળ સુરક્ષા અને આરોગ્ય દિવસ (World Day for Safety and Health at Work)

## લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ 2024

તાજેતરમાં 'લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ 2024' (Laureus World Sports Award 2024)ના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી.

- લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ સમારોહ સ્પેનના મેડ્રિડમાં યોજાયો હતો.

### લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ, 2024

| ક્રમ | એવોર્ડ | વિજેતા | રમત |
|---|---|---|---|
| 1 | સ્પોર્ટ્સ મેન ઓફ ધ યર | શ્રી નોવાક જોકોવિચ | ટેનિસ |
| 2 | સ્પોર્ટ્સ વુમન ઓફ ધ યર | સુશ્રી આઈતાના બોનમાતી | ફૂટબોલ |
| 3 | વર્લ્ડ ટીમ ઓફ ધ યર | સ્પેન વિમેન્સ ફૂટબોલ ટીમ | ફૂટબોલ |
| 4 | વર્લ્ડ બ્રેકથ્રુ ઓફ ધ યર | જુડ બેલિંગ હામ (યુકે) | ફૂટબોલ |
| 5 | વર્લ્ડ કમ બેક ઓફ ધ યર | સિમોન બાઈલ્સ | જિમ્નાસ્ટ |
| 6 | વર્લ્ડ એક્શન સ્પોર્ટ્સપર્સન ઓફ ધ યર | અરિસા ટ્રુ | સ્કેટબોર્ડિંગ |
| 7 | સ્પોર્ટ્સ ફોર ગુડ એવોર્ડ | રાફા નાદાલ ફાઉન્ડેશન | – |
| 8 | હેન્ડિકેપ લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્પર્સન | ડિડે ટી ગ્રૂટ | વ્હીલચેર ટેનિસ |

**નોંધ :** શ્રી નોવાક જોકોવિચે પાંચમી વખત લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સમેન ઓફ ધ યરનો એવોર્ડ જીત્યો છે.



## લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ

લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડની સ્થાપના વર્ષ 1999માં લોરિયસ સ્પોર્ટ્સ ફોર ગુડ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી હતી.

- વર્ષ 2000માં પ્રથમ એવોર્ડ રજૂ કરવામાં આવ્યો હતો.
- ટેનિસ ખેલાડી શ્રી રોજર ફેડરરે આ એવોર્ડ સૌથી વધુ વખત જીત્યો છે. તેમણે છ વખત 'સ્પોર્ટ્સ મેન ઓફ ધ યર એવોર્ડ' જીત્યો છે.
- આ એવોર્ડને સ્પોર્ટ્સનો ઓસ્કાર એવોર્ડ પણ કહે છે.

નોંધ : (1) વર્ષ 2020માં ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી સચિન તેંડુલકરને 'લોરિયસ સ્પોર્ટિંગ મોમેન્ટ ઓફ ધ યર 2000-2020 એવોર્ડ' એનાયત થયો હતો.

(2) વર્ષ 2011ની વર્લ્ડ કપ વિનિંગ મોમેન્ટ માટે શ્રી સચિન તેંડુલકરને આ એવોર્ડ મળ્યો હતો.

## વાઈસ એડમિરલ શ્રી દિનેશ કુમાર ત્રિપાઠી ભારતીય નૌકાદળના નવા વડા બન્યા

તાજેતરમાં સરકારે વાઈસ એડમિરલ શ્રી દિનેશ કુમાર ત્રિપાઠીને નેવલ સ્ટાફ (નૌકાદળ)ના વડા તરીકે નિયુક્ત કર્યા છે.



- આ પહેલા તેઓ નૌકાદળના વાઈસ ચીફ તરીકે ફરજ બજાવતા હતા.
- તેમણે 30 એપ્રિલ, 2024ના રોજ નિવૃત્ત થયેલા શ્રી આર. હરિ કુમારનું સ્થાન લીધું છે.
- વાઈસ એડમિરલ શ્રી દિનેશ કુમાર ત્રિપાઠીએ લગભગ 39 વર્ષ સુધી ભારતીય નૌકાદળમાં સેવા આપી છે.
- તેઓ 1 જુલાઈ, 1985ના રોજ ભારતીય નૌકાદળની એક્ઝિક્યુટિવ બ્રાન્ચમાં સામેલ થયા હતા.
- તેમણે પશ્ચિમી નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર, કમાન્ડિંગ–ઈન–ચીફ તરીકે સેવા આપી હતી.
- તેઓ કોમ્યુનિકેશન અને ઈલેક્ટ્રોનિક વોરફેરના નિષ્ણાત છે.
- તેમણે ભારતીય નૌકાદળના જહાજો વિનાશ, કિર્ચ અને ત્રિશુલની કમાન સંભાળી હતી.
- તેમણે વિવિધ મહત્ત્વપૂર્ણ ઓપરેશનલ અને સ્ટાફની નિમણૂકો પણ સંભાળી છે.
- નોંધનીય છે કે તેઓ સૈનિક સ્કૂલ રીવા અને નેશનલ ડિફેન્સ એકેડેમી, ખડકવાસલાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ કાર્યસ્થળ સુરક્ષા અને આરોગ્ય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 એપ્રિલ (B) 27 એપ્રિલ (C) 28 એપ્રિલ (D) 29 એપ્રિલ **(C)**

2. લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ–2024માં 'સ્પોર્ટ્સ મેન ઓફ ધ યર' એવોર્ડ કોને મળ્યો છે ?

(A) શ્રી રાફેલ નડાલ (B) શ્રી બિલ જિન કિંગ

(C) શ્રી લિયોનેલ મેસ્સી (D) શ્રી નોવાક જોકોવિચ **(D)**

3. લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ 2024માં 'સ્પોર્ટ્સ વુમન ઓફ ધ યર' એવોર્ડ કોને મળ્યો છે ?

(A) સુશ્રી જસ્ટિન હુનિન (B) સુશ્રી મોનિક સેલેસ

(C) સુશ્રી આઈતાના બોનમાતી (D) સુશ્રી માર્ગોરેટ કોર્ટ **(C)**

4. લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ 2024માં 'વર્લ્ડ ટીમ ઓફ ધ યર' એવોર્ડ કઈ ટીમે જીત્યો છે ?

(A) ઓસ્ટ્રેલિયા વુમન ક્રિકેટ ટીમ (B) સ્પેન ફૂટબોલ ટીમ

(C) જર્મની પુરુષ હોકી ટીમ (D) બ્રાઝિલ પુરુષ ફૂટબોલ ટીમ **(B)**

5. તાજેતરમાં ભારતીય નૌકાદળના નવા વડા તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી અધર કુમાર ચેટર્જી (B) શ્રી દિનેશ કુમાર ત્રિપાઠી

(C) શ્રી બિપીન એસ. જોષી (D) શ્રી વિક્રમ સિંઘ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 29 એપ્રિલ, વિશ્વ ડાન્સ દિવસ (World Dance Day)

## ભારતના વિદેશી મુદ્રા ભંડારમાં ઘટાડો

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) અનુસાર 19 એપ્રિલ, 2024ના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ભારતનું વિદેશી મુદ્રા ભંડાર (Forex Reserves) 2.282 બિલિયન અમેરિકન ડોલર ઘટીને કુલ 640.334 બિલિયન થઈ ગયું છે.

### ઘટાડાને અસર કરતા મુખ્ય પરિબળ

આ ઘટાડો મુખ્યત્વે સેન્ટ્રલ બેંકના વ્યૂહાત્મક હસ્તક્ષેપને આભારી હતો.

- જેણે આર્થિક અનિશ્ચિતતાઓ અને ચલણના અવમૂલ્યન વચ્ચે રૂપિયાને બચાવવા વિદેશી વિનિમય અનામતનો ઉપયોગ કર્યો હતો.
- રૂપિયાના તીવ્ર અવમૂલ્યન અને વિનિમય દરમાં વધુ પડતી અસ્થિરતાને રોકવા માટે ડોલરના વેચાણ સહિત તરલતાનું સંચાલન કરવા માટે RBI બજારમાં હસ્તક્ષેપ કરે છે.
- નોંધનીય છે કે એપ્રિલ, 2024માં ભારતનું વિદેશી મુદ્રા ભંડાર 645.6 બિલિયન યુએસ ડોલરની સર્વકાલીન ટોચે પહોંચી ગયું હતું.

### વિદેશી મુદ્રા ભંડાર (Foreign Exchange Reserves)

ફોરેન એક્સચેન્જ રિઝર્વ (જેને ફોરેક્સ રિઝર્વ પણ કહેવાય છે) એ વિદેશી ચલણમાં કેન્દ્રીય બેંક દ્વારા રાખવામાં આવેલી અનામત સંપત્તિ છે.

- તેમાં બોન્ડ્સ, ટ્રેઝરી બિલ્સ અને અન્ય સરકારી સિક્યોરિટીઝનો સમાવેશ થઈ શકે છે.
- નોંધનીય છે કે મોટાભાગના વિદેશી વિનિમય અનામત યુએસ ડોલરમાં રાખવામાં આવે છે.
- ભારતના ફોરેક્સ રિઝર્વમાં નીચે મુજબનો સમાવેશ થાય છે :
  - (1) વિદેશી ચલણ અસ્ક્યામતો
  - (2) સોનાનો ભંડાર
  - (3) સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ (તે IMF પાસે અનામત ચલણ છે.)
  - (4) ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) સાથે અનામત સ્થિતિ
- RBI ભારતમાં વિદેશી હૂંડિયામણ ભંડારનું કસ્ટોડિયન છે.
- ભારતના ફોરેક્સ રિઝર્વમાં સૌથી મોટો ફાળો વિદેશી ચલણ અસ્ક્યામતો છે, ત્યારબાદ સોનાનો નંબર આવે છે.

## ઉદ્દેશ્ય

(a) તેઓનો ઉપયોગ તેમની જારી કરાયેલી ચલણ પરની જવાબદારીઓને સમર્થન આપવા, વિનિમય દરને ટેકો આપવા અને નાણાકીય નીતિ સેટ કરવામાં થાય છે.

(b) જો વિદેશી ચલણની માંગમાં વધારો થવાને કારણે રૂપિયાનું મૂલ્ય ઘટે છે, તો ભારતીય ચલણના અવમૂલ્યનને તપાસી શકાય તે માટે RBI ભારતીય મની માર્કેટમાં ડોલરનું વેચાણ કરે છે.

(c) ફોરેક્સનો સારો સ્ટોક ધરાવતો દેશ આંતરરાષ્ટ્રીય સ્તરે સારી ઈમેજ ધરાવે છે. કારણ કે વેપારી દેશો તેમની ચૂકવણી અંગે ખાતરી કરી શકે છે.

(d) સારું ફોરેક્સ રિઝર્વ વિદેશી વેપારને આકર્ષવામાં મદદ કરે છે અને વેપારી ભાગીદારો સાથે સારી પ્રતિષ્ઠા કમાય છે.


## રાજા રવિ વર્માની પેઈન્ટિંગ 'ઈન્દુલેખા'ની પ્રથમ મૂળ નકલનું અનાવરણ



પ્રસિદ્ધ કલાકાર રાજા રવિ વર્માની 176મી જન્મજયંતિ (29 એપ્રિલ, 1848)ના અવસરે તેમના જન્મ સ્થળ ત્રાવણકોરના કિલીમનુર પેલેસમાં તેમની પ્રતિષ્ઠિત પેઈન્ટિંગ 'ઈન્દુલેખા'ની પ્રથમ મૂળ નકલનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

- ઓ.ચંદ્ર.મેનનની મુખ્ય મલયાલમ નવલકથાના નાયકનું ચિત્રણ ઈન્દુલેખા, પ્રદેશમાં પ્રારંભિક આધુનિક સાહિત્યના પ્રતીક તરીકે સાંસ્કૃતિક અને સાહિત્યિક મહત્ત્વ ધરાવે છે.
- રાજા રવિ વર્મા દ્વારા ઈન્દુલેખા પર મોડેલિંગ કરવામાં આવ્યું હતું.
- ઈન્દુલેખાના તૈલચિત્રમાં એક પત્ર પકડાયેલો બતાવવામાં આવ્યો છે.

## રાજા રવિ વર્મા



ભારતના પ્રખ્યાત ચિત્રકાર શ્રી રાજા રવિ વર્માનો જન્મ 29 એપ્રિલ, 1848ના રોજ કેરળના કિલીમનૂર ખાતે થયો હતો.

- તેમના ચિત્રોમાં જોવા મળતો વિશાળ સામાજિક પરિપેક્ષ અને સૌદર્યબોધના કારણે તેઓ ભારતીય ચિત્રકલા જગતના ઈતિહાસમાં મહાન ચિત્રકાર તરીકે ઓળખ પામ્યાં છે.
- ચિત્રકામનું શિક્ષણ તેમણે મદુરાઈ પેઈન્ટર અલાગરી નાયડુ અને વિદેશી ચિત્રકાર શ્રી થિયોડોર જેન્સન પાસેથી મેળવ્યું હતું.

- રાજા રવિ વર્મા એવા વ્યક્તિ હતા. જેઓ કહેવા માટે 'રાજા' હતા, પરંતુ તેમનું રાજ્ય નહોતું. તેમના નામનો શબ્દ તે સમયના વાઈસરોય દ્વારા તેમની પ્રતિભાને માન આપીને આપવામાં આવેલું એક બિરૂદ હતું.
- તેમણે મુંબઈમાં લિથોગ્રાફ પ્રેસ ખોલીને તેમના ચિત્રો પ્રકાશિત કર્યા હતા. આ પ્રેસ દ્વારા રામાયણ, મહાભારત અને પુરાણના પ્રસંગો અને દેવી દેવતાના ચિત્રો છાપવામાં આવ્યાં. આ ચિત્રો 1906ના વર્ષમાં શ્રી રવિ વર્માના નિધન બાદ પણ વર્ષો સુધી હજારોની સંખ્યામાં છપાતા રહ્યાં હતા.
- તેમના ઘણા ખ્યાતનામ ચિત્રો વડોદરા ખાતે લક્ષ્મી વિલાસ પેલેસમાં સંગ્રહાયેલાં છે. જ્યારે અન્ય કેટલાક ચિત્રો મૈસૂર અને ત્રાવણકોરના મહેલમાં પણ સચવાયેલા છે.

## ચીને Shenzhou-18 મિશન લોન્ચ કર્યું

તાજેતરમાં ચીને ત્રણ સભ્યોના ક્રૂને ભ્રમણકક્ષામાં ફરી રહેલા તેમના ટિઆગોંગ (તિઆગોંગ) સ્પેસ સ્ટેશન પર લઈ જતુ શેનઝોઉ-18 અવકાશયાન લોન્ચ કર્યુ હતું.

- આ મિશન ચીનના મહત્ત્વાકાંક્ષી સ્પેસ પ્રોગ્રામનો એક ભાગ છે, જેનો ઉદ્દેશ્ય 2030 સુધીમાં ચંદ્ર પર અવકાશયાત્રીઓને મોકલવાનું છે.
- તિઆગોંગ સ્પેસ સ્ટેશન પર તેમના છ મહિનાના રોકાણ દરમિયાન, શેનઝોઉ-18 ક્રૂ નીચેના કાર્યો કરશે :

(1) વૈજ્ઞાનિક પરીક્ષણ  (2) અવકાશ ભંગાર સંરક્ષણ ઉપકરણની સ્થાપના
(3) પેલોડ પ્રયોગો હાથ ધરવા  (4) વિજ્ઞાન શિક્ષણને લોકપ્રિય બનાવવું

નોંધ : (1) ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS)માંથી બાકાત રાખ્યા પછી ચીને પોતાનું સ્ટેશન બનાવ્યું હતું.
(2) તિઆગોંગ સ્પેસ સ્ટેશન 2024માં બે કાર્ગો અવકાશયાન મિશન અને બે માનવયુક્ત અવકાશયાન મિશન માટે સુનિશ્ચિત થયેલ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ ડાન્સ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 27 એપ્રિલ (B) 28 એપ્રિલ (C) 29 એપ્રિલ (D) 30 એપ્રિલ **(C)**

2. તાજેતરમાં 'વિદેશી મુદ્રા ભંડાર' (Foreign Exchange Reserves) સમાચારમાં હતું, ભારતના વિદેશી મુદ્રા ભંડારમાં નીચેનામાંથી કયા સમૂહનો સમાવેશ થાય છે ?

(A) વિદેશી ચલણ અસ્ક્યામતો, સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ (SDR) અને વિદેશી દેશોની લોન

(B) વિદેશી ચલણ અસ્ક્યામતો, સોનાનો ભંડાર, સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ

(C) વિદેશી ચલણ અસ્ક્યામતો, વિશ્વ બેંક તરફથી લોન અને SDR

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(B)**

3. તાજેતરમાં રાજા રવિ વર્માની 176મી જન્મ જયંતિ પર 'ઈન્દુલેખા'ની પ્રથમ મૂળ નકલ પ્રસિદ્ધ કરવામાં આવી છે, તે શું છે ?

(A) પેઈન્ટિંગ (B) કેરળનો ઈતિહાસ (C) દેશભક્તિ કવિતા (D) જીવન ચરીત્ર **(A)**

4. તાજેતરમાં કયા દેશે 'શેનઝોઉ-18' અવકાશયાન લોન્ચ કર્યુ હતું ?

(A) રશિયા (B) જાપાન (C) ઈરાન (D) ચીન **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## દિવસ મહિમા : 30 એપ્રિલ, આયુષ્માન ભારત દિવસ (Ayushman Bharat Diwas)

### આયુષ્માન ભારત દિવસ




દર વર્ષે ભારતમાં 30 એપ્રિલના રોજ 'આયુષ્માન ભારત દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આયુષ્માન ભારત દિવસ બે લક્ષ્યો હાંસલ કરવા માટે ઉજવવામાં આવે છે.
- તેનો હેતુ ગરીબોના સ્વાસ્થ્ય અને કલ્યાણને પ્રોત્સાહન આપવા અને તેમને વીમા લાભો આપવાનો છે.
- આ યોજના એપ્રિલ, 2018માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોન્ચ કરી હતી.
- તે ભારત સરકારની મુખ્ય યોજના છે જે યુનિવર્સલ હેલ્થ કવરેજ (UHC)ના લક્ષ્યને હાંસલ કરવાના ઉદ્દેશ્ય સાથે 'રાષ્ટ્રીય આરોગ્ય નીતિ' (2017) હેઠળ કરવામાં આવેલી ભલામણોના આધારે શરૂ કરવામાં આવી હતી.

ICE FOR COMPETITIVE EXAMS

## શ્રી અમિતાભ બચ્ચનને લતા દીનાનાથ મંગેશકર એવોર્ડ 2024થી સન્માનિત કરવામાં આવ્યા



બોલિવૂડના મેગાસ્ટાર અમિતાભ બચ્ચનને 24 એપ્રિલ, 2024ના રોજ લતા દીનાનાથ મંગેશકર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

- લતા દીનાનાથ મંગેશકર એવોર્ડ મંગેશકર પરિવાર દ્વારા સ્થાપિત પ્રતિષ્ઠિત સન્માન છે અને પ્રસિદ્ધ ગાયિકા લતા મંગેશકરની યાદમાં ટ્રસ્ટ છે.
- આ પુરસ્કારમાં એવી વ્યક્તિઓને ઓળખવામાં આવે છે જેમણે રાષ્ટ્ર, લોકો અને સમાજ માટે અમૂલ્ય યોગદાન આપ્યું છે.
- તે લતા મંગેશકરના પિતા અને થિયેટર–સંગીતના દિગ્ગજ દિનાનાથ મંગેશકરના સ્મારક દિવસે 24 એપ્રિલના રોજ રજૂ કરવામાં આવે છે.
- આ અગાઉ વર્ષ 2022માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને 2023માં આશા ભોસલેને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- આ કાર્યક્રમમાં અમિતાભ બચ્ચન ઉપરાંત અન્ય કેટલિક વ્યક્તિઓને એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. જે નીચે મુજબ છે :

(1) **આર. રહેમાન :** ભારતીય સંગીતમાં યોગદાન માટે માસ્ટર દીનાનાથ મંગેશકર પુરસ્કાર

(2) **રણદીપ હુડ્ડા :** સિનેમામાં યોગદાન માટે વિશેષ પુરસ્કાર

(3) **અશોક સરાફ અને પદ્મિની કોલ્હાપુરે :** સિનેમામાં યોગદાન માટે માસ્ટર દીનાનાથ મંગેશકર પુરસ્કાર

(4) **રૂપકુમાર રાઠોડ :** સંગીત ક્ષેત્રે યોગદાન

(5) **દીપસ્તંભ ફાઉન્ડેશન મનોબલ :** સમાજ સેવાના ક્ષેત્રોમાં સેવાઓ

(6) **અષ્ટવિનાયક પ્રકાશિતનું ગાલિબ :** વર્ષનું શ્રેષ્ઠ નાટક

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દૂરદર્શનનો લોગો લાલ રંગથી બદલી કેસરી કરવામાં આવ્યો

તાજેતરમાં રાષ્ટ્રીય પ્રસારણકર્તા (DD)એ તેના ઐતિહાસિક ફ્લેગશિપ લોગોનો રંગ લાલ રંગથી બદલીને કેસરી કર્યો હતો.

### દૂરદર્શનના લોગોનો ઈતિહાસ




મૂળ ‘Eye લોગો’ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈનના દેબાશિષ ભટ્ટાચાર્ય દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યો હતો.

- તેનો લોગો 1970ના દાયકાની શરૂઆતમાં કેટલીક ડિઝાઈન પસંદગીઓમાંના એક તરીકે પૂર્વ વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી દ્વારા પસંદ કરવામાં આવ્યો હતો.

- બે વળાંકો યીન અને યાંગના ક્લાસિક નિરુપણની વિવિધતાનું પ્રતિનિધિત્વ કરે છે, જે વિરોધાભાસી અને અવિભાજ્ય વિરોધીઓની પ્રાચીન ફિલસૂફી છે.
- સત્યમ શિવમ સુંદરમ લોગોના પ્રારંભિક સંસ્કરણોમાં ટેગલાઈન હતી, બાદમાં રૂપાંતરણોમાં દૂર કરવામાં આવી હતી.

## દૂરદર્શનનો ઈતિહાસ

દૂરદર્શન એ ભારત સરકાર દ્વારા સ્થાપિત એક સ્વાયત્ત જાહેર સેવા પ્રસારણકર્તા છે, જે પ્રસાર ભારતીના બે વિભાગોમાંથી એક છે.

- પ્રસાર ભારતી એક વૈધાનિક સ્વાયત્ત સંસ્થા છે (પ્રસાર ભારતી અધિનિયમ, 1997 હેઠળ), જે દેશની જાહેર સેવા પ્રસારણકર્તા છે.
- તેનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને શિક્ષિત કરવા અને મનોરંજન આપવા માટે દૂરદર્શન અને ઓલ ઈન્ડિયા રેડિયોને સ્વાયત્તતા પ્રદાન કરવાનો છે.
- તે પહેલીવાર 15 સપ્ટેમ્બર, 1959ના રોજ જાહેર સેવા પ્રસારણ સેવા તરીકે શરૂ કરવામાં આવી હતી.
- તે 1965માં દિલ્હીમાં દરરોજ સવાર અને સાંજના શો સાથે પ્રસારણકર્તા બન્યું હતું.
- 1 એપ્રિલ, 1976ના રોજ તે માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળ આવ્યું અને 1982માં ‘દૂરદર્શન’ના નામથી રાષ્ટ્રીય પ્રસારણકર્તા બન્યું હતું.
- હાલમાં દૂરદર્શન 6 રાષ્ટ્રીય અને 17 પ્રાદેશિક ચેનલોનું સંચાલન કરે છે.
- દૂરદર્શનની પ્રસિદ્ધ ધૂન સિતારવાદક પંડિત રવિશંકર અને શહેનાઈ વાદક ઉસ્તાદ અલી અહેમદ હુસૈન ખાને રચી હતી અને 1 એપ્રિલ, 1976ના રોજ તેનું પ્રસારણ થયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. દર વર્ષે ભારતમાં કયા દિવસે ‘આયુષ્માન ભારત દિવસ’ની ઉજવણી કરવામાં આવે છે ?
   (A) 27 માર્ચ (B) 28 એપ્રિલ (C) 29 માર્ચ (D) 30 એપ્રિલ — (D)

2. તાજેતરમાં વર્ષ 2024ના ‘લતા દીનાનાથ મંગેશકર એવોર્ડ’થી કોને સન્માનિત કરવામાં આવ્યા છે ?
   (A) શ્રી રજનીકાંત (B) શ્રી અમિતાભ બચ્ચન
   (C) શ્રી શાહરુખ ખાન (D) શ્રી અમિર ખાન — (B)

3. તાજેતરમાં દુરદર્શનનો લોગો લાલ રંગથી બદલી _____ કરવામાં આવ્યો હતો.
   (A) કેસરી (B) સફેદ (C) લીલો (D) કાળો — (A)

**દિવસ મહિમા : 01 મે,**
(1) ગુજરાત સ્થાપના દિન (ગુજરાત ગૌરવ દિવસ)
(2) મહારાષ્ટ્ર સ્થાપના દિન
(3) આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ (International Worker's Day અથવા તો Labour Day)


## ગુજરાતનો 64મો સ્થાપના દિવસ

1 મે, 2024ના રોજ ગુજરાતના 64માં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી છે.

- ભારતની આઝાદી બાદ 'બૃહદ્ મુંબઈ' અને 'સૌરાષ્ટ્ર' નામના બે રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશ 'કચ્છ' માંથી 1 મે, 1960ના રોજ 'ગુજરાત' અને 'મહારાષ્ટ્ર' નામના બે નવા રાજ્યોની સ્થાપના કરવામાં આવી હતી.
- આથી, ગુજરાત તથા મહારાષ્ટ્રમાં 1 મે ના રોજ ગુજરાત અને મહારાષ્ટ્રનો સ્થાપના દિવસ ઉજવાય છે.

**નોંધ :** (1) ગુજરાતનો સ્થાપના દિવસ 'ગુજરાત ગૌરવ દિવસ' તરીકે ઓળખાય છે.
(2) ગુજરાત રાજ્યનું ઉદ્‌ઘાટન શ્રી રવિશંકર મહારાજના હસ્તે કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ

દર વર્ષે 1 મે ના રોજ સમગ્ર વિશ્વમાં આર્થિક અને સામાજિક અધિકારોને પ્રાપ્ત કરવા માટે તથા શ્રમિકોના બલિદાનને શ્રધ્ધાંજલિ આપવા માટે 'આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસને 'આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ' અને 'મે દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ દિવસ દરમિયાન આઠ કલાકના કાર્યને પ્રોત્સાહન આપવાનો છે.
- પહેલાના સમયમાં મજૂરોની કામ કરવાની સ્થિતિ વધારે ગંભીર હતી અને આ સમય દરમિયાન મજૂરોને 10 થી 16 કલાક સુધી કામ કરવું પડતું હતું આથી ઘણા મજૂરોના મૃત્યુ થતા હતા.
- વર્ષ 1866માં અમેરિકાના શિકાગોમાં મજૂરોએ એક અઠવાડિયામાં દરરોજ આઠ કલાક કામ અને એક દિવસની રજાની માંગ કરી હતી.
- આ અંતર્ગત મજૂરોના સંઘર્ષ બાદ વર્ષ 1886માં 'અમેરિકન ફેડરેશન ઓફ લેબર' દ્વારા શિકાગોમાં મજૂરો માટે કાનૂની સમય ઘોષિત કરવામાં આવ્યો.
- ત્યારબાદ વર્ષ 1889માં પેરિસમાં આયોજિત આંતરરાષ્ટ્રીય શ્રમિકોની મહાસભાની બીજી બેઠક પેરિસમાં યોજાઈ હતી અને એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.
- આ ઠરાવ અંતર્ગત 1 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કર્યુ હતું.

**નોંધ :** (1) 1 મે, 1923ના રોજ ચેન્નાઈ (અગાઉ મદ્રાસ)માં ભારતમાં પ્રથમ વખત મજૂર દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું.

(2) આ પહેલ સૌપ્રથમ ભારતના 'લેબર કિસાન પાર્ટી'ના વડા સિંગારવેલુ દ્વારા કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગોલ્ડમેન પર્યાવરણ પુરસ્કાર 2024

વન અને આદિવાસી અધિકાર કાર્યકર્તા અલોક શુકલાને તેમના સફળ અભિયાન માટે પ્રતિષ્ઠિત ગોલ્ડમેન પર્યાવરણ પુરસ્કાર 2024 એનાયત કરવામાં આવ્યો છે.



- તેમણે છત્તીસગઢના હસદેવ અરણ્ય વિસ્તારમાં 21 નિયોજિત કોલસાની ખાણોમાંથી 4.45 લાખ એકર જૈવવિવિધતા સમૃદ્ધ જંગલોને બચાવ્યા છે.
- છત્તીસગઢના કોરબા, સૂરજપુર અને સુરગુજા જિલ્લામાં 170 લાખ હેક્ટરમાં ફેલાયેલા હસદેવ અરણ્ય જંગલ, જે 'છત્તીસગઢના ફેફસા' તરીકે ઓળખાય છે, તેમાં સમૃદ્ધ જૈવવિવિધતા છે અને તે 25 લુપ્તપ્રાય પ્રજાતિઓ, 92 પક્ષીની પ્રજાતિઓ અને 167 દુર્લભ પ્રજાતિ અને ઔષધિય છોડની પ્રજાતિઓનું ઘર છે.

- ગોલ્ડમેન પર્યાવરણ પુરસ્કારને 'ગ્રીન નોબેલ પ્રાઈઝ' તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ગોલ્ડમેન એન્વાયરમેન્ટ ફાઉન્ડેશન દ્વારા એનાયત કરવામાં આવે છે.
- આ એવોર્ડની સ્થાપના વર્ષ 1989માં રિચાર્ડ અને રોન્ડા ગોલ્ડમેન દ્વારા કરવામાં આવી હતી.

## IREDAને નવરત્નનો દરજ્જો મળ્યો

ઈન્ડિયન રિન્યુએબલ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (IREDA)એ ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક એન્ટરપ્રાઈઝિસ તરફથી 'નવરત્ન'નો દરજ્જો મેળવીને એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે.

- IREDAની સ્થાપના વર્ષ 1987માં બિન–બેન્કિંગ નાણાકીય સંસ્થા તરીકે કરવામાં આવી હતી.
- તે નવીનીકરણીય ઊર્જા મંત્રાલય હેઠળ કામ કરે છે અને નવીનીકરણીય ઊર્જા સ્ત્રોતોને પ્રોત્સાહિત અને વિકાસ કરે છે.




- નવરત્નનો દરજ્જો ધરાવતી કંપનીઓ કેન્દ્રીય સત્તાધિકારીની મંજૂરી વિના રૂ.1,000 કરોડ સુધીનું રોકાણ કરી શકે છે, વાર્ષિક નેટવર્થના 30% ફાળવી શકે છે અને સંયુક્ત સાહસો અને વિદેશી પેટાકંપનીઓમાં ભાગ લઈ શકે છે.
- નવરત્નનો દરજ્જો પ્રાપ્ત કરવા માટે, કંપનીઓ પાસે મિનિરત્ન કેટેગરી-1નો દરજ્જો હોવો જોઈએ અને CPSESના શેડ્યૂલ Aમાં સૂચિબદ્ધ હોવો જોઈએ.

**નોંધ :** (1) IREDAની સ્થાપના વર્ષ 1987માં નવીનીકરણીય ઊર્જા ક્ષેત્ર માટે વિશિષ્ટ બિન–બેન્કિંગ ફાઈનાન્સ એજન્સી તરીકે કરવામાં આવી હતી.

(2) રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ ધિરાણમાં IREDA ચાવીરૂપ ભૂમિકા ભજવે છે જે નાણાકીય સંસ્થાઓ/બેંકોને આ ક્ષેત્રમાં ધિરાણ આપવાનો વિશ્વાસ આપે છે.

## ઈન્ડિયન વેક્સીન મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (IVMA)ના નવા પ્રમુખ

ભારત બાયોટેકના સહ–સ્થાપક અને એક્ઝિક્યુટિવ ચેરમેન ક્રિષ્ના ઈલાને આગામી બે વર્ષ માટે ભારતીય રસી ઉત્પાદક સંઘ (IVMA)ના નવા પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.



- આ નિમણૂક તેમના નેતૃત્વમાં નોંધપાત્ર વિકાસ દર્શાવે છે.
- તેમને 2024 થી 2026 સુધીના બે વર્ષના સમયગાળા માટે નવા પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
- IVMAનો ધ્યેય રસી ઉત્પાદકો અને સંશોધકો વચ્ચે સહયોગને મજબૂત કરવાનો છે. અને વેક્સિનના વિકાસને વેગ આપવા માટે નીતિ નિર્માતાઓ મેળવવાનો છે.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 1 મે ભારતના કયા રાજ્યનો સ્થાપના દિવસ છે ?

1. ગુજરાત 2. મધ્યપ્રદેશ 3. મણિપુર 4. મહારાષ્ટ્ર

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 4 **(D)**

2. 1 મે, 2024ના રોજ ગુજરાતના કેટલામાં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) 61મા (B) 62મા (C) 63મા (D) 64મા **(D)**

3. ગુજરાતનો સ્થાપના દિવસ કયા નામે ઓળખાય છે ?

(A) ગુજરાત શૌર્ય દિન (B) ગુજરાત સંકલ્પ દિન

(C) ગુજરાત ગૌરવ દિન (D) ગુજરાત નવનિર્માણ દિન **(C)**

4. 'આંતરરાષ્ટ્રીય શ્રમિક દિવસ' અથવા 'આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ' અથવા તો 'મે દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 મે (B) 2 મે (C) 3 મે (D) 4 મે **(A)**

5. તાજેતરમાં નીચેનામાંથી કોને 'ગોલ્ડમેન પર્યાવરણ પુરસ્કાર 2024' એનાયત કરવામાં આવ્યો છે ?

(A) શ્રી અલોક શુકલા (B) શ્રી અવિનાશ રેડ્ડી (C) શ્રી વિજય શર્મા (D) શ્રી ભાર્ગવ ઝા **(A)**

6. તાજેતરમાં જાહેર સાહસોના વિભાગ દ્વારા કઈ સંસ્થાને 'નવરત્ન'નો દરજ્જો આપવામાં આવ્યો છે ?

(A) BHEL (B) HAL (C) HMTL (D) IREDA **(D)**

7. તાજેતરમાં 'ઈન્ડિયન વેક્સીન મેન્યુફેક્ચરર્સ એસોસિએશન' (IVMA)ના નવા પ્રમુખ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી એમ.એન.શ્રીનિવાસ (B) શ્રી આદર પૂનાવાલા

(C) શ્રી મેહુલ જૈન (D) ડો. ક્રિષ્ના ઈલા **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 2 મે, આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસ (International Astronomy Day)

### આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસ



સમગ્ર વિશ્વમાં દર વર્ષે 'આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસ' વર્ષમાં બે વખત ઉજવવામાં આવે છે.

- એક 'આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસ' 26 સપ્ટેમ્બર અને બીજો 2 મે ના દિવસે ઉજવવામાં આવે છે.
- આ દિવસ નિમિત્તે ખગોળશાસ્ત્રની સંસ્થાઓ, પ્લેનેટેરિયમ અને સંગ્રહાલયો વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરે છે તથા ખગોળશાસ્ત્રની દુનિયા વિશે જાગૃતિ ફેલાવે છે.
- વર્ષ 1973માં આ દિવસની પ્રથમવાર ઉજવણી કરવામાં આવી હતી.
- તેની શરૂઆત ઉત્તરી કેલિફોર્નિયાના એસ્ટ્રોનોમિકલ એસોસિએશનના તત્કાલીન પ્રમુખ શ્રી ડગ બર્જર દ્વારા કરવામાં આવી હતી.

**નોંધ :** (1) 2009ના વર્ષને 'આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસ' વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું હતું.

(2) વર્ષ 2009માં ગેલેલિયોની શોધની 400મી વર્ષગાંઠ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## SMART System



તાજેતરમાં ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)એ ઓડિશાના દરિયા કાંઠે આવેલા ડો. એ.પી.જે.અબ્દુલ કલામ દ્વીપ પરથી સુપરસોનિક મિસાઈલ– આસિસ્ટેડ રીલીઝ ઓફ ટોરપિડો (SMART) સિસ્ટમનું સફળતાપૂર્વક ફ્લાઈટ પરીક્ષણ કર્યુ હતું.

### SMART System વિશે

તે નેક્સ્ટ જનરેશન મિસાઈલ આધારિત લાઈટવેઈટ ટોર્પિડો ડિલિવરી સિસ્ટમનું પ્રતિનિધિત્વ કરે છે.

- તેનો પ્રાથમિક ઉદ્દેશ્ય ભારતીય નૌકાદળની એન્ટી–સબમરીન યુદ્ધ ક્ષમતાને નોંધપાત્ર રીતે વધારવાનો છે જે હળવા વજનના ટોર્પિડોની પરંપરાગત શ્રેણીની બહાર વિસ્તરે છે.
- મિસાઈલને ગ્રાઉન્ડ મોબાઈલ લોન્ચરથી લોન્ચ કરવામાં આવી છે.
- તેમાં કેનિસ્ટર આધારિત મિસાઈલ સિસ્ટમમાં વિવિધ અદ્યતન પેટા–સિસ્ટમનો સમાવેશ થાય છે.
- તેમાં બે–તબક્કાની સોલિડ પ્રોપલ્શન સિસ્ટમ ઈલેક્ટ્રોમિકેનિકલ એક્યુએટર સિસ્ટમ અને પ્રિસિઝન ઈનર્શિયલ નેવિગેશન સિસ્ટમનો સમાવેશ થાય છે.
- જ્યારે દુશ્મન સબમરીન શોધી કાઢવામાં આવે ત્યારે મિસાઈલ ટોર્પિડો સિસ્ટમને પાણીમાં બહાર કાઢશે અને ઓટોનોમસ ટોર્પિડો સબમરીનને બહાર કાઢવા માટે તેના લક્ષ્ય તરફ આગળ વધવાનું શરૂ કરશે.
- ટોર્પિડો એ સિગાર આકારની ડિઝાઈન સાથેનું પાણીની અંદરનું શસ્ત્ર છે.
- તેને સબમરીન, સપાટીના જહાજો અથવા એરોપ્લેન જેવા વિવિધ પ્લેટફોર્મ પરથી લોન્ચ કરી શકાય છે.

## શોમ્પેન જનજાતિએ પ્રથમ વખત તેના મતાધિકારનો ઉપયોગ કર્યો



ગ્રેટ નિકોબાર ટાપુમાં રહેતા ખાસ કરીને સંવેદનશીલ આદિવાસી જૂથો (PVTGS) પૈકીના એક શોમ્પેન જાતિના સાત સભ્યોએ આંદામાન અને નિકોબાર લોકસભા મતવિસ્તારમાં પ્રથમ વખત પોતાનો મત આપ્યો હતો.

- તેઓ અત્યંત અલગ, અર્ધ–વિચરતી શિકારી–સંગ્રહકર્તા છે.
- 2011ની વસતી ગણતરીના ડેટા અનુસાર શોમ્પેન જનજાતિની અંદાજિત વસતી 229 હતી.
- તેઓ તેમની વિશિષ્ટ અનોખી ભાષા માટે જાણીતા છે, જેમાં વિવિધ બોલીઓનો સમાવેશ થાય છે જે ફક્ત ચોક્કસ પ્રદેશમાં જ સમજાય છે.
- આ આદિજાતિનું સામાજિક માળખું પિતૃસત્તાક છે, જેમાં સૌથી મોટા પુરુષ સભ્ય કૌટુંબિક બાબતોની દેખરેખ રાખે છે.
- નોંધનીય છે કે આંદામાન ટાપુઓમાં પાંચ PVTG વસે છે, તે ગ્રેટ આંદામાનીઝ, જારાવા, ઓંગેસ, શોમ્પેન્સ અને નોર્થ સેન્ટીનેલીઝ છે.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. સમગ્ર વિશ્વમાં 'આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન દિવસ' વર્ષમાં કેટલી વખત ઉજવવામાં આવે છે ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર **(B)**

2. સમગ્ર વિશ્વમાં 'આંતરરાષ્ટ્રીય ખગોળ દિવસ' વર્ષમાં બે વખત ઉજવવામાં આવે છે. આ બે દિવસ એટલે કયા દિવસો ?

(A) 26 સપ્ટેમ્બર અને 2 મે (B) 26 ઓગસ્ટ અને 2 મે

(C) 26 નવેમ્બર અને 2 મે (D) 26 ડિસેમ્બર અને 2 મે **(A)**

3. તાજેતરમાં DRDOએ 'SMART System'નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ હતું. આ SMART System વિશે નીચેના વિધાન પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. સ્માર્ટ સિસ્ટમમાં SMARTનું પૂરું નામ 'સુપરસોનિક મિસાઈલ–આસિસ્ટેડ રીલીઝ ઓફ ટોરપિડો' છે.
2. તેનો પ્રાથમિક ઉદ્દેશ્ય ભારતીય નૌકાદળની એન્ટી–સબમરીન યુદ્ધ ક્ષમતાને નોંધપાત્ર રીતે વધારવાનો છે જે હળવા વજનના ટોર્પિડોની પરંપરાગત શ્રેણીની બહાર વિસ્તરે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

4. તાજેતરમાં શોમ્પેન જનજાતિએ પ્રથમ વખત તેના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આ જનજાતિ કયા ક્ષેત્રમાં આવેલી છે ?

(A) ગ્રેટ નિકોબાર (B) જયેન્તિયા હિલ્સ (C) કાશ્મીર ખીણ (D) લક્ષદ્વીપ **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 03 મે, વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ (World Press Freedom Day)




યુનાઈટેડ નેશન્સ અને યુનેસ્કો દ્વારા દર વર્ષે 3 મેના રોજ 'વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ' અથવા તો 'પ્રેસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સમગ્ર વિશ્વમાં પ્રેસની સ્વતંત્રતા અંગે જાગૃતિ ફેલાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- યુનેસ્કોની જનરલ કોન્ફરન્સની ભલામણ બાદ ડિસેમ્બર, 1993માં સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા આ દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 1994થી દર વર્ષે 3 મેના રોજ આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.
- વર્ષ 2024ની 'વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ડે'ની થીમ 'A Press for the Planet : Journalism in the Face of the Environmental Crisis' છે.
- વર્ષ 2024 'વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ'ના યજમાન દેશ તરીકે ચિલીની પસંદગી કરવામાં આવી હતી. આ અંતર્ગત ચિલીનું શહેર સેન્ટિયાગો ડી ચિલીમાં વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICDRIની છઠ્ઠી કોન્ફરન્સ

તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ છઠ્ઠી ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ડિઝાસ્ટર રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (ICDRI)ને સંબોધિત કરી હતી.

- ICDRI એ સભ્ય દેશો, સંગઠનો અને સંસ્થાઓ સાથે ભાગીદારીમાં CDRI (Coalition for Disaster Resilient Infrastructure)ની વાર્ષિક આંતરરાષ્ટ્રીય પરિષદ છે.



- તેનો ઉદ્દેશ આબોહવા અને આપત્તિના જોખમો માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સિસ્ટમની સ્થિતિ સ્થાપકતા વધારવાનો છે, જેનાથી ટકાઉ વિકાસ સુનિશ્ચિત થાય છે.
- CDRIની શરૂઆત વર્ષ 2019માં ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર ક્લાઈમેટ એક્શન સમિટ દરમિયાન કરવામાં આવી હતી.
- ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA) પછી ભારતની આ બીજી મોટી વૈશ્વિક પહેલ છે.
- CDRIનું વડું મથક ભારતમાં નવી દિલ્હી ખાતે આવેલું છે.

## માઈક્રોસોફ્ટે Phi-3-Miniનું અનાવરણ કર્યું

તાજેતરમાં માઈક્રોસોફ્ટે OpenAI મોડલના ભાગરૂપે Phi-3-Miniનું અનાવરણ કર્યું છે.

- જે કાર્યક્ષમ અને ખર્ચ–અસરકારક સ્મોલ લેંગ્વેજ મોડલ (SLM) તરીકે ડીઝાઈન કરવામાં આવ્યું છે.
- SLM એ ભાષા–સંબંધિત કાર્યો જેમ કે ટેક્સ્ટ વર્ગીકરણ, પ્રશ્નોત્તરી, ટેક્સ્ટ જનરેશન વગેરેને ઉકેલવા માટે વર્તમાન ડેટા પર પ્રશિક્ષિત AI સિસ્ટમ છે.
- Phi-3-Mini કથિત રીતે ભાષા, તર્ક, કોડિંગ અને ગણિત જેવા મુખ્ય ક્ષેત્રોમાં સમાન કદના અને તેનાથી પણ મોટા મોડલને પાછળ રાખી દે છે.




- Phi-3-Mini એ તેના વર્ગનું પ્રથમ મોડલ છે જેની ગુણવત્તા પર થોડી અસર સાથે 128K ટોકન્સ સુધીની સંદર્ભ વિન્ડો છે.
- AI દ્વારા કોઈપણ સમયે વાંચી અને લખી શકાય તેવી ચર્ચાની માત્રાને સંદર્ભ વિન્ડો કહેવામાં આવે છે, અને તેને ટોકન્સ આપવામાં આવે છે.
- માઈક્રોસોફ્ટે ઈમ્પિરિયલ ટોબેકો કંપની (ITC) સાથે Phi-3-Miniનો ઉપયોગ કરીને કૃષિ મિત્ર, એક ખેડૂત–કેન્દ્રિત એપ્લિકેશન વિકસાવવામાં તેમની ચાલુ ભાગીદારી માટે સહયોગ કર્યો છે જેણે 10 લાખથી વધુ ખેડૂતોને લાભ આપ્યો છે.

## CSIR-ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પેટ્રોલિયમ (IIP)નો 65મો સ્થાપના દિવસ

તાજેતરમાં કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ–ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પેટ્રોલિયમ (CSIR-IIP) એ તેનો 65મો સ્થાપના દિવસ ઉજવયો હતો.

- તેની સ્થાપના 14 એપ્રિલ, 1960ના રોજ કરવામાં આવી હતી.
- ઈવેન્ટ દરમિયાન વૈજ્ઞાનિકોને ઈ–મેનોલ, ગ્રીન હાઈડ્રોજન, કાર્બન ન્યુટ્રાલિટીના ક્ષેત્રોમાં મહત્ત્વપૂર્ણ સંશોધન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.
- CSIR-IIPના નિયામકએ વિકસિત ભારતના સંકલ્પને પરિપૂર્ણ કરવા માટે વર્ષ 2024થી વર્ષ 2030 સુધીની સંસ્થાનો રોડમેપ રજૂ કર્યો છે.
- નોંધનીય છે કે CSIRની સ્થાપના વર્ષ 1942માં કરવામાં આવી હતી, જેની ગણતરી વિશ્વની અગ્રણી સંશોધન અને વિકાસ સંસ્થાઓમાં થાય છે.




- CSIR રેડિયો અને સ્પેસ ફિઝિક્સ, ઓશનોગ્રાફી અને જીઓફિઝિક્સ, બાયોટેક્નોલોજી, નેનોટેક્નોલોજી, માઈનિંગ, એરોનોટિક્સ, એન્વાયર્નમેન્ટલ એન્જિનિયરિંગ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી વગેરે ક્ષેત્રોમાં કામ કરે છે.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'પ્રેસ દિવસ' અથવા તો 'વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 2 મે (B) 3 મે (C) 4 મે (D) 5 મે **(B)**

2. વર્ષ 2024ની 'વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ'ની થીમ શું છે ?

(A) Journalism without fear or interfere

(B) Freedom of Information : the right know

(C) A Press for the Planet: Journalism in the Face of the Environmental Crisis

(D) The media as drivers of change : the right know **(C)**

3. તાજેતરમાં ICDRI (ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ડિઝાસ્ટર રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર)ની કેટલામી કોન્ફરન્સ યોજાઈ હતી ?

(A) ત્રીજી (B) ચોથી (C) પાંચમી (D) છઠ્ઠી **(D)**

4. Phi-3-Mini, AI મોડલ તાજેતરમાં કઈ કંપની દ્વારા વિકસાવવામાં આવ્યું છે ?

(A) માઈક્રોસોફ્ટ (B) ગૂગલ (C) એપલ (D) એમેઝોન **(A)**

5. CSIR-ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પેટ્રોલિયમ (IIP)નો કેટલામો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો હતો ?

(A) 65મો (B) 68મો (C) 75મો (D) 88મો **(A)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 4 મે, આંતરરાષ્ટ્રીય અગ્નિશામક દિવસ (International Firefighter's Day)

દર વર્ષે 4 મે ના રોજ વિશ્વભરમાં 'આંતરરાષ્ટ્રીય અગ્નિશામક દિવસ'નું આયોજન કરવામાં આવે છે.





- આ દિવસના આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય એવા અગ્નિશામકોને યાદ કરવાનો છે જેમણે સમાજની રક્ષા કરતા પોતાના જીવનનું બલિદાન આપ્યું છે.
- નોંધનીય છે કે 4 જાન્યુઆરી, 1999ના રોજ ઓસ્ટ્રેલિયાના જંગલમાં લાગેલી આગને બુઝાવતી વખતે પાંચ અગ્નિશામકો મૃત્યુ પામ્યા હતા.
- આથી, આ ઘટનાની યાદમાં દર વર્ષે આંતરરાષ્ટ્રીય સ્તરે આ દિવસનું આયોજન કરવામાં આવે છે.
- આંતરરાષ્ટ્રીય અગ્નિશામક દિવસનું પ્રતીક લાલ અને વાદળી રિબિન છે, જેમાં લાલ રંગ અગ્નિનું પ્રતિનિધિત્વ કરે છે અને વાદળી રંગ પાણીનું પ્રતિનિધિત્વ કરે છે.
- અને આ રંગો સમગ્ર વિશ્વમાં ઈમરજન્સી સેવાઓ સૂચવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## World Press Freedom Index 2024માં ભારત 159માં ક્રમે

Reporters Without Borders દ્વારા તાજેતરમાં 'World Press Freedom Index 2024' પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.



- આ ઈન્ડેક્સમાં કુલ 180 દેશોમાં ભારત 159માં ક્રમે છે.
- આ અગાઉ વર્ષ 2023માં આ ઈન્ડેક્સમાં ભારત 161માં ક્રમે હતું. તથા વર્ષ 2022માં 150માં ક્રમે હતું.
- વર્ષ 2024માં પ્રસિદ્ધ થયેલા આ ઈન્ડેક્સમાં નોર્વે પ્રથમ ક્રમે છે.
- નોંધનીય છે કે નોર્વે સતત આઠમાં વર્ષે ઈન્ડેક્સમાં પ્રથમ ક્રમે છે.
- નોર્વે બાદ ડેનમાર્ક બીજા અને સ્વીડન ત્રીજા ક્રમે છે.
- એરિટ્રિયા આ યાદીમાં અંતિમ 180માં ક્રમે છે.

# World Press Freedom Index 2024 Rank

| Rank | Country | Global Score |
|---|---|---|
| 1 | નોર્વે | 91.89 |
| 2 | ડેનમાર્ક | 89.6 |
| 3 | સ્વીડન | 88.32 |
| 4 | નેધરલેન્ડ | 87.73 |
| 5 | ફિનલેન્ડ | 86.55 |
| 147 | ભૂટાન | 37.29 |
| 150 | શ્રીલંકા | 35.21 |
| 152 | પાકિસ્તાન | 33.9 |
| 159 | ભારત | 31.28 |
| 171 | મ્યાનમાર | 24.41 |
| 172 | ચીન | 23.36 |
| 178 | અફઘાનિસ્તાન | 19.09 |
| 180 | એરિટ્રિયા | 16.64 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## World Press Freedom Index

Reporters Without Border દ્વારા વર્ષ 2002થી દર વર્ષે આ ઈન્ડેક્સ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

- પેરિસ સ્થિત રિપોર્ટર્સ સેન્સ ફ્રન્ટિયર્સ (RSF) અથવા રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ એ સંયુક્ત રાષ્ટ્ર, યુરોપિયન યુનિયન કાઉન્સિલ અને ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર ફ્રાન્કોફોનિ (OIF) માટે સલાહકારને દરજ્જો ધરાવતી સ્વતંત્ર બિન–સરકારી સંસ્થા છે.
- નોંધનીય છે કે OIF એ ફ્રેન્ચ ભાષી રાષ્ટ્રનું જૂથ છે.
- આ ઈન્ડેક્સમાં પત્રકારોને મળતી સ્વતંત્રતાને આધારે 180 દેશોને રેન્ક આપવામાં આવે છે.
- ઈન્ડેક્સનું રેન્કિંગ 0 થી 100 સુધીના સ્કોર પર આધારિત છે, જેમાં 100 ઉચ્ચતમ સ્કોર અને 0 સૌથી ખરાબ સ્કોરનું પ્રતિનિધિત્વ કરે છે.

નોંધ : (1) 2016ના ઈન્ડેક્સમાં ભારત 133માં ક્રમે હતું. ત્યારથી તેનું રેન્કિંગ સતત ઘટી રહ્યું છે.

(2) રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સનું વડું મથક પેરિસ ખાતે આવેલું છે.

## 'ગ્રીન ઓસ્કાર' વ્હીટલી ગોલ્ડ એવોર્ડ 2024

આસામના વન્યજીવન જીવવિજ્ઞાની પૂર્ણિમા દેવી બર્મનને લુપ્તપ્રાય ગ્રેટર એડજ્યુટન્ટ સ્ટોર્ક (હરગીલા)ના સંરક્ષણ પ્રયાસો બદલ 'વ્હીટલી ગોલ્ડ એવોર્ડ 2024' એનાયત કરવામાં આવ્યો હતો.




- આ સન્માનને 'ગ્રીન ઓસ્કાર' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ડો. પૂર્ણિમા દેવી બર્મનને બીજી વખત આ સન્માન મળ્યું છે.
- તેના કામે ઉત્તરપૂર્વ ભારતમાં હરગીલાની વસતી અંદાજિત 450 પક્ષીઓથી 1800 સુધી વધારવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'આંતરરાષ્ટ્રીય અગ્નિશામક દિવસ' (International Firefighter's Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 2 મે (B) 3 મે (C) 4 મે (D) 5 મે (C)

2. રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'વર્લ્ડ પ્રેસ ફ્રિડમ ઈન્ડેક્સ, 2024'માં કુલ 180 દેશોમાંથી ભારત કયા ક્રમે છે ?

(A) 141 (B) 146 (C) 153 (D) 159 (D)

3. રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'વર્લ્ડ પ્રેસ ફ્રિડમ ઈન્ડેક્સ, 2024'માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?

(A) નોર્વે (B) સ્વીડન (C) ફિનલેન્ડ (D) ડેનમાર્ક (A)

4. રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'વર્લ્ડ પ્રેસ ફ્રિડમ ઈન્ડેક્સ, 2024'માં અંતિમ 180માં ક્રમે કયો દેશ છે ?

(A) દક્ષિણ કોરિયા (B) એરિટ્રિયા (C) વેનેઝુએલા (D) કોંગો (B)

5. તાજેતરમાં કયા ભારતીયને ગ્રીન ઓસ્કાર તરીકે જાણીતો 'વ્હીટલી ગોલ્ડ એવોર્ડ 2024' મળ્યો છે ?

(A) તુલસી ગૌડા (B) પૂર્ણિમા દેવી બર્મન

(C) એલિસ ગર્ગ (D) અમૃતા દેવી (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# NEWS IN SHORTS

## ગુજરાત

### ➤ રાજકોટનું અટલ સરોવર લોકો માટે ખુલ્લુ મુકાયું





ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે રાજકોટના નવા રેસકોર્સ ખાતે અટલ સરોવર લોકો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે. અટલ સરોવર અંદાજે 132 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે. અટલ સરોવરમાં ખાનગી એજન્સી દ્વારા 15 વર્ષ સુધી તેનું સંચાલન કરશે, જેનું મનપાને પ્રિમીયમ મળશે અટલ સરોવરમાં ગાર્ડન લેન્ડસ્કેપીંગ, બોટનિકલ ગાર્ડન, બોટનિકલ ક્લોક, સાયકલ ટ્રેક અને ફૂડ કોર્ટ જેવી સુવિધા છે. અહીં એમ્ફી થિયેટર પણ છે જ્યાં બેસીને લેસર શો નિહાળી શકાશે.

### ➤ સુરત લોકસભા મતવિસ્તારમાંથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર બિનહરીફ ચૂંટાયા

તાજેતરમાં સુરત લોકસભા મતવિસ્તારમાંથી ભારતીય જનતા પાર્ટી (BJP)ના ઉમેદવાર બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે. કોંગ્રેસ પક્ષના ઉમેદવારનું ઉમેદવારી પત્ર નામંજુર થયા બાદ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી મુકેશ દલાલ બિનહરીફ જાહેર થયા હતા. નોંધનીય છે કે અન્ય ઉમેદવારોના નામાંકનપત્રો અસ્વીકાર અને અન્ય ઉમેદવારો દ્વારા નામાંકન પરત ખેંચ્યા પછી આવું થાય છે. લોકપ્રતિનિધિત્વ અધિનિયમ (RPA), 1951ની કલમ 33માં માન્ય નોમિનેશન માટેની આવશ્યકતાઓ છે. લોકપ્રતિનિધિત્વ અધિનિયમ (RPA), 1951ની કલમ 53(3) બિનહરીફ ચૂંટણી માટેની પ્રક્રિયા સાથે સંબંધિત છે.

## ભારત

➤ **મિયાવાકી પદ્ધતિ**




તાજેતરમાં ભારતમાં ઈઝરાયેલી દૂતાવાસ, બિન લાભકારી સંસ્થાના સહયોગથી પૃથ્વી દિવસની ઉજવણીના ભાગરૂપે 'મિલિયન મિયાવાકી' પ્રોજેક્ટમાં સત્તાવાર રીતે જોડાયા હતા. આ પ્રોજેક્ટ હેઠળ રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હીમાં મિયાવાકી પદ્ધતિનો ઉપયોગ કરીને 600 વૃક્ષો વાવીને 10 લાખ વૃક્ષો વાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેમાં અંજન, આમળા, બેલ, અર્જુન અને ગુંજ વગેરે જેવી 30 વિવિધ સ્થાનિક પ્રજાતિઓનો સમાવેશ થાય છે. મિયાવાકી પદ્ધતિના સ્થાપક જાપાની વનસ્પતિશાસ્ત્રી અકીરા મિયાવાકી છે. આ પદ્ધતિમાં દરેક ચોરસ મીટરની અંદર બે થી ચાર વિવિધ પ્રકારના દેશી વૃક્ષો વાવવાનો સમાવેશ થાય છે.

➤ **તમિલનાડુમાં નીલગીરી તહર સર્વેક્ષણ**



તમિલનાડુ સરકાર રાજ્યના પ્રાણી નીલગીરી તહર (નીલગિરિટ્રાગસ હાઈલોક્રિયસ)નું ત્રણ દિવસીય સિંક્રનસ સર્વેક્ષણ કરી રહી છે. આ સર્વેનો ઉદ્દેશ લુપ્તપ્રાય પ્રજાતિઓની વસતીનો અંદાજ કાઢવાનો છે, જે એક સમયે અનામલાઈ અને નીલગીરી લેન્ડસ્કેપમાં ફરતી હતી. ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (IUCN)ના પ્રતિનિધિઓ આ કવાયતમાં નિરીક્ષક હશે. આ સર્વે વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચર (WWF), વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (WII) અને IUCNના સહયોગથી કરવામાં આવી રહ્યો છે. નીલગીરી તહર એ ભારતના પશ્ચિમ ઘાટનું સ્થાનિક પર્વતીય પ્રાણી છે. તે IUCN દ્વારા લુપ્તપ્રાય પ્રજાતિ તરીકે સૂચિબદ્ધ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ખગોળશાસ્ત્રમાં ગ્રહણ**

તાજેતરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોફિઝિક્સ (IIA)એ તેજસ્વી લાલ તારો એન્ટારસ (જ્યેષ્ઠા)ની સામેથી પસાર થતા ચંદ્રના રહસ્યને રેકોર્ડ કરતો વિડિયો જાહેર કર્યો છે. ખગોળશાસ્ત્ર અથવા ખગોળ વિજ્ઞાનમાં ગ્રહણ ત્યારે થાય છે જ્યારે એક અવકાશી પદાર્થ બીજાની સામેથી પસાર થાય છે, જે બીજાની દૃશ્યતાને અવરોધે છે. વધુમાં ચોક્કસ ઘટનાઓની વધુ વિગતવાર તપાસ કરવા માટે રહસ્યમય મોડલ કૃત્રિમ રીતે બનાવી શકાય છે.

➤ **મુરિયા જનજાતિ**

મુરિયા/મુડિયા જનજાતિ જેઓ આંધ્રપ્રદેશ અને છત્તીસગઢ વચ્ચેના સરહદી વિસ્તારોમાં રહે છે, તેમની પાસે બંને રાજ્યોના મતદાર કાર્ડ છે, એક તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે અને બીજું તેમના જન્મના સંદર્ભ અને પુરાવા માટે. આ વસતી નકસલવાદથી પ્રભાવિત આંધ્રપ્રદેશ–છત્તીસગઢ સરહદ પર 'ભારતના રેડ કોરિડોર'ની અંદર સ્થિત છે, જે આરક્ષિત જંગલની અંદર એક ઓએસિસ છે તથા વસતી અને વનનાબૂદી પર પ્રતિબંધ મૂકતા કડક કાયદાઓ દ્વારા સુરક્ષિત છે. માઓવાદીઓ અને સલવા જુડુમ વચ્ચેના સંઘર્ષ દરમિયાન આ આદિજાતિને વિસ્થાપિત કરવામાં આવી હતી.

## વિશ્વ

➤ **ઓરંગુટન વનસ્પતિ છોડ દ્વારા ઘાવની સારવાર**

સુમાત્રા (ઈન્ડોનેશિયા)માં રાકાસ નામના ઓરંગુટાને ચહેરાના ઘાવની સારવાર અકર કુનિંગ (ફાઈબ્રોરિયા ટિંક્ટોરિયા) નામના ઔષધિય વનસ્પતિથી કરી હતી. ઘાવની સારવાર માટે ઔષધિય ગુણો ધરાવતા સાધનનો ઉપયોગ કરીને એક ગ્રેટ એપ (મહાન ચાળા)નું આ પ્રથમ દસ્તાવેજી ઉદાહરણ છે. આ છોડ તેના એન્ટિબેક્ટેરિયલ, બળતરા વિરોધી અને ફુગ વિરોધી ગુણધર્મો માટે જાણીતો છે. રાકાસની વર્તણૂક સૂચવે છે કે ઘાવ મટાડવાની શરૂઆત મનુષ્યો અને ઓરંગુટાનના સામાન્ય પૂર્વજમાં થઈ હશે.



1. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝિલેન્ડમાં દર વર્ષે કયા દિવસે એન્ઝેક ડે ઉજવવામાં આવે છે ? – 25 એપ્રિલ

2. તાજેતરમાં સમાચારમાં રહેલ અલગાર મંદિર કયા રાજ્યમાં આવેલું છે ? – તમિલનાડુ

3. તાજેતરમાં 21મી U-20 એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2024માં ગોલ્ડ મેડલ જીતનાર હર્ષિત કુમાર કઈ રમત સાથે સંબંધિત છે ? – હેમર થ્રો

4. તાજેતરમાં શિપિંગ મંત્રાલય દ્વારા ભારતના પ્રથમ ટ્રાન્સશિપમેન્ટ પોર્ટ તરીકે કયા પોર્ટને મંજૂરી આપવામાં આવી છે ? – વિઝિજમ બંદર

5. તાજેતરમાં કયા દેશમાંથી પેલેઓન્ટોલોજિસ્ટ્સે ડાયનાસોર ચકીસૌરસ નેકુલની શોધની જાહેરાત કરી હતી ? – આર્જેન્ટિના

6. 'ધ વિનર્સ માઈન્ડસેટ' પુસ્તકના લેખક કોણ છે ? – શેન વોટ્સન

7. કયા દેશે રશિયાના લેન્સેટ જેવા નવા કામિકાઝ ડ્રોનનું અનાવરણ કર્યું છે ? – ઈરાન

8. કઈ સંસ્થાએ ડિરેક્શનલી અનરિસ્ટ્રિક્ટેડ રે–ગન એરે (દુર્ગા) II વિકસાવવા માટે સંરક્ષણ મંત્રાલય પાસેથી 100 મિલિયન અમેરિકન ડોલરની માંગ કરી છે ? – DRDO

9. ભારતમાં OpenAIના પ્રથમ કર્મચારી તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – પ્રજ્ઞા મિશ્રા

10. સના નામની AI સંચાલિત ન્યૂઝ એન્કર કોણે વિકસાવી છે ? – ઈન્ડિયા ટુડે ગ્રૂપ

11. કયું શહેર વિશ્વનું સૌથી મોટું એરપોર્ટ અલ મકતુમ ઈન્ટરનેશનલ એરપોર્ટનું નિર્માણ કરી રહ્યું છે ? – દુબઈ

12. તાજેતરમાં સમાચારમાં રહેલ 'સિએરે માદ્રે' શું છે ? – લેન્ડિંગ જહાજ

13. તાજેતરમાં કઈ સંસ્થાએ ભૌગોલિક સંકેત (GI) ઉત્પાદનોના પ્રભાવ મૂલ્યાંકન પર અભ્યાસને મંજૂરી આપી છે ? – નાબાર્ડ

14. તાજેતરમાં સમાચારમાં રહેલ 'K2-18B' શું છે ? – એક્સોપ્લેનેટ

15. પેન્શન વિભાગે તાજેતરમાં સરકારી નિવૃત્ત લોકો માટે ઓનલાઈન પોર્ટલ શરૂ કર્યું છે. આ પોર્ટલનું નામ શું છે ? – ભવિષ્ય પોર્ટલ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

16. તાજેતરમાં NPCI, UPI જેવી ત્વરીત ચૂકવણી સેવાઓ માટે કયા આફ્રિકન દેશ સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે ? – નામિબિયા

17. તાજેતરમાં 'Localizing the SDGS : Women in Local Governance in India Lead the Way' શિર્ષક વાળી ઈવેન્ટ કયાં આયોજિત કરવામાં આવી હતી ? – ન્યૂયોર્ક

18. તાજેતરમાં બહાર પાડવામાં આવેલ OECD રિપોર્ટ અનુસાર 2024-25માં ભારતના અપેક્ષિત વિકાસ દર કેટલો છે ? – 6.6%

19. તાજેતરમાં ભારતીય સેના અને પુનિત બાલન જૂથે કયા શહેરમાં ભારતનો પ્રથમ બંધારણ ઉદ્યાન ખોલવા માટે સહયોગ કર્યો હતો ? – પૂણે

20. તાજેતરમાં સિક્યોરિટીઝ એપેલેટ ટ્રિબ્યુનલ (SAT)ના પ્રિસાઈડિંગ ઓફિસર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – દિનેશ કુમાર

21. રેડ કોલબસ કન્ઝર્વેશન એક્શન પ્લાન તાજેતરમાં સમાચારમાં હતો, તે કઈ સંસ્થાની પહેલ છે ? – IUCN

22. કયા ભારતીય રાજ્યએ 'નક્ષત્ર સભા' નામના ભારતના પ્રથમ એસ્ટ્રો ટુરિઝમ અભિયાનની જાહેરાત કરી છે ? – ઉત્તરાખંડ

23. T-20 વર્લ્ડ કપ 2024માં અમેરિકા અને દક્ષિણ આફ્રિકાની ક્રિકેટ ટીમો માટે કઈ કંપનીને લીડ આર્મ સ્પોન્સર તરીકે નામ આપવામાં આવ્યું છે ? – અમુલ

24. કઈ કંપનીએ રાજસ્થાન અને ગુજરાતમાં તેના 750 મેગાવોટના સૌર પ્રોજેક્ટ માટે 400 બિલિયનનું ધિરાણ મેળવ્યું છે ? – અદાણી ગ્રીન એનર્જી

25. કયો દેશ 2025 BWF વર્લ્ડ જૂનિયર બેડમિન્ટન ચેમ્પિયનશિપનું આયોજન કરશે ? – ભારત

26. ભારતીય મહેસુલ સેવા (IRS)ના અધિકારી ______ને ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રમોશન વિભાગ (DPIIT)ના નિયામક તરીકે નિયુક્ત કર્યા છે ? – પ્રતિમા સિંહ

27. ભારતે કયા દેશ સાથે 1500 અધિકારીઓને તાલીમ આપવાનો કરાર રિન્યૂ કર્યો છે ? – બાંગ્લાદેશ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# PSI-કોન્સ્ટેબલની સર્વશ્રેષ્ઠ તૈયારી, ICE ની જવાબદારી

ગ્રેજ્યુએટ

12 પાસ

# PSI-કોન્સ્ટેબલ

## 7 દિવસ ફ્રી ટ્રાયલ લેક્ચર

16-5-24, ગુરુવાર
સવારે 8 થી 10

21-5-24, મંગળવાર
સાંજે 6:30 થી 8:30

ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ફ્રી ટ્રાયલ લેક્ચર દરમિયાન એડમિશન લેનાર**

| નવા વિદ્યાર્થીઓને | જૂના વિદ્યાર્થીઓને |
|---|---|
| 10% DISCOUNT | 30% DISCOUNT |

- NCERT અને GCERTનો સંપૂર્ણ અભ્યાસ
- વધુ સ્કોર મેળવવા માટે વ્યક્તિગત માર્ગદર્શન
- ગણિત, રિઝનિંગ અને બંધારણ પર વિશેષ ભાર
- Weekly, Monthly, Targetive Test
- નિશ્ચિત સફળતાની હાઈટેક વ્યૂહરચના

ફ્રી ONLINE APPLICATION COURSE

પરીક્ષાલક્ષી સંપૂર્ણ મટીરીયલ્સ અને બૂક્સ

ફ્રી રજીસ્ટ્રેશન માટે અત્યારે જ Call કરો
93280 01110

ICE, બીજો માળ, સદગુરુ કોમ્પલેક્ષ, સ્વામિનારાયણ મંદિર પાસે, કાલાવડ રોડ

OFFLINE
રાજકોટ

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT